**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૦/૦૪/૨૦૧૯ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૧/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૫ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૪૨૦ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૯૨૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૮,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૨/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :** **સમાચાર યાદી નં.૬૯૩/૧૯**

**સોલા હાઇકોર્ટ** : જૈમીનભાઇ વિનોદકુમાર શાહ (ઉ.વ.૩૩)(રહે.દિપાવલી સોસાયટી, વિશ્વકુંજ ચાર રસ્તા, નારાયણનગર રોડ, પાલડી)એ તા.૧૯/૦૪/૨૦૧૯ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૧૬ થી તા.૦૮/૦૧/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)અખિલેશકુમાર મિશ્રા (૨) નેહા મિશ્રા (રહે.સાગાણી આદિત્ય હાઇટસ, ૪ડી મોલની પાછળ મોટેરા) એ ભેગામળી જૈમીનભાઇની કંપનીના નેશનલ બેંક આંબાવાડી બ્રાંચના સી.સી.ખાતામાંથી અલગ-અલગ કુલ-૪૯ વ્યવહારોના ઓનલાઇન નેટ બેંકીંગ થી બેંક ટ્રાન્સફર થી તમામ રકમ બે અલગ-અલગ એસ.બી.આઇ બેંકના એકાઉન્ટ માં કુલ રૂપિયા ૧૫,૮૫,૮૨,૩૬૯/- કંપની સાથે છેતરપીંડી કરી બોગસ અને બનાવટી ડોક્યુમેન્ટ્સ ઉભા કરી ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.ધોળા ચલાવે છે.

**વાસણા** : પરેશભાઈ અનુભાઈ જાદવ (ઉ.વ.૪૫)(રહે.શ્રીકૃષ્ણનગરી વેજલપુર)એ તા.૧૯/૪/૧૯ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૧૮ થી તા.૩૦/૦૧/૨૦૧૯ ના કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન વાસણા જીવરાજપાર્ક નીલકંઠ કોમ્પલેક્ષમાં આવેલ પરેશભાઇની ઓફીસ ખાતે આરોપી (૧)સુભાષ રામચંદ્ર ચૌધરી(રહે.અમરસર તાઃશાહપુર જીઃજયપુર રાજસ્થાન) (૨)રાજકુમાર ચૌધરી (૩)કનૈયાલાલ જગદીશ શર્મા (રહે.બાગરોન કી ધની, કિશોરપુરા માંડીયા રામસર તાઃજીઃ જયપુર રાજસ્થાન) એ ભેગામળી “નમસ્કાર ક્રિએશન પ્રા.લી” (મેક્સ મિડીયા બોક્સ) ની ટી.વી.ની માસ્ટર ફ્રેન્ચાઈઝી આપવાનું કહી કંપનીના નામે એગ્રીમેન્ટ કરાવી રૂપિયા ૬,૦૦,૦૦૦/- મેળવી લઇ, એગ્રીમેન્ટ મુજબ ટી.વી. ની સપ્લાય નહી કરી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી યુ.આર.ભટ્ટ ચલાવે છે.

**નવરંગપુરા** : કરીશ્મા દિલીપભાઈ ઝવેરી (રહે.ધન્નંજય બંગ્લોઝ શ્યામલ-૩ ની પાછળ સેટેલાઈટ) એ તા.૧૯/૪/૧૯ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જાન્યુઆરી/૨૦૧૭ થી તા.૧૪/૦૪/૨૦૧૯ સાંજના ૫/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા નેહરૂબ્રીજ સાકાર-૭ કોમ્પલેક્ષમા આવેલ ઓફિસ નંબર-૨૦૨ તથા દિલીપભાઇના ઘરે આરોપી (૧)સજ્જાદ મોહમદ નુરાની (A.R.M Enterprise) (૨)યાસ્મીની સજ્જાદ નુરાની ( A.R.M Enterprise) પ્રોપરાઈટર (બંને રહે.અલમહેંદી હાઉસ પ્રાચીના સોસાયટી પાસે જાવેદપાર્ક જુહાપુરા) (૩) ઈમ્તીયાઝ બી.પઠાણ (રહે.”બી” રોશન એપાર્ટમેન્ટસ પહેલો માળ મુસ્લીમ સોસાયટી નવરંગપુરા) અને (૪) શ્રીકૃષ્ણ એલ.શર્મા (આનંદ ઈન્ફ્રાસ્ટ્રચર પ્રા.લી)એ ભેગામળી ખોટા ફ્લેટોની સ્કીમના નકશા બનાવી દસ્તાવેજી પુરાવા ઉભા કરીને કરીશ્માબહેન પાસેથી કુલ રૂપિયા ૮૦,૫૫,૦૦૦/- મેળવી લઇ, તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

**<u>ઘરફોડ :</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૪/૧૯</u>**

**નારણપુરા** : હિમાબહેન વા/ઓ જતીનભાઇ પંડયા (ઉ.વ.૩૭)(રહે. નિલમ રેસીડન્સી જયમંગલ બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ પાસે નારણપુરા)એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૪/૧૯ નાં કલાક ૧૨/30 થી સાંજના ૭/30 વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૯૪,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એચ.કે.મકવાણા ચલાવે છે.

**<u>લુંટ :</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૫/૧૯</u>**

**વસ્ત્રાપુર** : વિવેકભાઇ વિદ્યાસાગર પાઠક (ઉ.વ.૩૭)(રહે.સુહાવન એપાર્ટમેંટ, બોડકદેવ) તા.૧૯/૦૪/૨૦૧૯ ના કલાક ૮/30 વાગ્યાના સુમારે બોડકદેવ ચિત્રકુટ કોમ્પલેક્ષના મેઇન ગેટ પાસે રોડ ઉપર મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી 30 વર્ષના આશરાના) એ ભેગામળી રૂદ્રાક્ષવાળી સોનાની ચેઇન ખેંચી તોડી લેતા, વિવેકભાઇના હાથમાં ચેઇનનો થોડો ભાગ હાથમા રહી ગયેલ જે તુટેલી ચેઇનની કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- મતાની ખેંચી લઇ નાસી ગયા છે. આ અંગેની ફરીયાદ વિવેકભાઇ પાઠક એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.રબારી ચલાવે છે.

**ગોમતીપુર** : રાકેશભાઇ ડાહ્યાભાઇ વાઘેલા (ઉ.વ.૨૯)(રહે.પટેલ પરમાનંદની ચાલી, વિજય પેટ્રોલ પંપ સામે ગોમતીપુર) તા.૧૯/૦૪/૨૦૧૯ ના કલાક ૧/૧૫ વાગ્યાના સુમારે ગોમતીપુર રામીની ચાલી સામે રોડ ઉપર ઉભા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી 30 વર્ષના આશરાના) ભેગામળી રાકેશભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાકેશભાઇ વાઘેલા એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**<u>ચોરી :</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૬/૧૯</u>**

**નિકોલ** : હેમલકુમાર મુકેશભાઇ ઠક્કર(રહે.આગમન રો-હાઉસ જોધપુર ગામ સેટેલાઇટ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૪/૧૯ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે ખોડિયારનગર ચાર રસ્તા, બાપુનગર એપ્રોચ બીઆરટીએસ બસ સ્ટેન્ડ ઉપર બસમાંથી નીચે ઉતરતી વખતે કોઇ અજાણી વ્યક્તિએ હેમલકુમારની નજર ચુકવી તેમના પેન્ટના ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૬૬,૫૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.